# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ-૩૮૦૦૧૪

જા.નં. ૪૮/વહીવટ/ COVID-19/૨૦૨૧-૨૨ તા.૨૬.૦૪.૨૦૨૧

<u>પરિપત્રઃ</u>

નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ની વૈશ્વિક મહામારીને કારણે ઉદ્દભવેલ પરિસ્થિતિ અંતર્ગત પોસ્ટલોક્ડાઉનમાં યુનિવર્સિટીઓ/કોલેજો રી-ઓપન કરવા બાબતે વખતો વખત સરકારશ્રી દ્વારા આદેશો અને માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે જેનું પાલન કરવા અત્રેનાં કાર્યાલય દ્વારા પરિપત્રથી જાણ કરવામાં આવી છે. વધુમાં, સમગ્ર દેશમાં નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ની હાલની પરિસ્થિતિ અને વિભાગીય વડાઓ તથા સંયોજકોની રજૂઆતો ધ્યાને લઈ નીચે મુજબ અમલ કરવા જણાવવામાં આવે છે.

૧) સેવકોએ તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી તેમનાં ઉપરી/વિભાગીય વડા પાસેથી કરવાનાં કામોની યાદી મેળવી ઘરેથી-કાર્ય (Work from home) કરવાનું રહેશે, તેમણે મોબાઈલ ફોન તથા ઈ-મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે.

૨) ગૂજરાત વિદ્યાપીઠની તમામ વિદ્યાશાખા/વિભાગો/કેન્દ્રો/શાળાઓમાં વિભાગીય વડા/સંયોજક/ આચાર્ય/ નિયામક/સંચાલકોએ રાબેતા મુજબ કાર્યાલય ખાતે આવવાનું રહેશે.

૩) તબીબી અને આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સેવકો રાબેતા મુજબ કાર્યાલય/પરિસરમાં આવશે અને દિશા-નિર્દેશ મુજબ કામગીરી કરશે.

૪) આ સમગ્ર સમયગાળામાં તમામ સેવકોએ ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહિ અને આવશ્યક ફરજ માટે સ્ટેન્ડબાય રહેવાનું રહેશે.

૫) નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણને નિયંત્રણમાં લાવવા ભારત સરકાર/ યુ.જી.સી./રાજ્ય સરકાર અન્ય સત્તામંડળનાં આદેશો અને અત્રેનાં કાર્યાલય દ્વારા કરવામાં આવેલ પરિપત્રો તથા હવે પછી બહાર પડનારી માર્ગદર્શિકાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે.

આ આદેશ આદરણીય કુલનાયકશ્રીની આજ્ઞાનુસાર કરવામાં આવે છે.

(પ્રો. ભરત જોશી)
કા. કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ આદરણીય કુલનાયકશ્રી, જાણ સારૂં.

નકલ રવાનાઃ સંબંધિત તમામ ડીન/વડા/સંયોજક/આચાર્ય/નિયામક/સંચાલકની જાણ તથા અમલવારી સારૂં.